


સુવિચાર : સફળ વ્યક્તિ એ નથી જે ક્યારેક નિષ્ફળ નથી ગઇ, પણ સફળ એવા લોકો છે જેઓ ક્યારેક હિમ્મત નથી હાર્યા- નવનીત

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૧૨૪ | ૧૩ જુલાઇ, ૨૦૧૫, સોમવાર ; અધિક અષાઢ વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# નાગરિક બેંકની ચૂંટણીમાં પરિવર્તન પેનલનો વિજય

## મોડીસાંજે જાહેર થયેલા પરિણામોમાં ૧૩-૧૩ બેઠકો પર સત્તાધારી જૂથ પરિવર્તન પેનલનો ભવ્ય વિજય થયો હતો : પરિણામના પગલે ભારે આતશબાજી અને ગુલાલ ઉડાડી વિજયોત્સવ મનાવાયો હતો

### કોને-કેટલા મત મળ્યા

| ક્રમ | ઉમેદવારનું નામ | મત |
|---|---|---|
| ૧ | અશોકકુમાર ગોપાળદાસ પટેલ | ૮૫૮૮ |
| ૨ | પ્રવિણકુમાર ડાહ્યાભાઈ પટેલ | ૮૫૪૪ |
| ૩ | અશોકકુમાર રણછોડદાસ પટેલ | ૮૩૭૦ |
| ૪ | ઘનશ્યામ કાંતિલાલ પટેલ | ૮૦૯૨ |
| ૫ | જયંતિલાલ મોહનલાલ પટેલ | ૭૯૭૧ |
| ૬ | વિક્રમકુમાર કેશવલાલ પટેલ | ૭૬૬૭ |
| ૭ | ચંદ્રકાંત ચુનીલાલ પટેલ | ૭૬૪૫ |
| ૮ | મનુભાઈ ભીખાભાઈ પટેલ | ૭૫૩૪ |
| ૯ | લાલસિંહ કિશોરજી વાઘેલા | ૭૪૪૩ |
| ૧૦ | વિપુલ રમેશભાઈ પટેલ | ૭૨૦૩ |
| ૧૧ | નરેન્દ્રકુમાર મુળજીભાઈ શાહ | ૭૧૦૪ |
| ૧૨ | હિમાંશુ વિઠ્ઠલભાઈ પટેલ | ૬૯૭૨ |
| ૧૩ | વિષ્ણુભાઈ ઈશ્વરભાઈ પટેલ | ૬૪૫૬ |
| ૧૪ | અમૃતભાઈ હરજીવનદાસ પટેલ | ૪૫૩૨ |
| ૧૫ | પંકજકુમાર બળવંતરાય શુકલ | ૪૦૬૯ |
| ૧૬ | ભરતકુમાર બળદેવભાઈ પટેલ | ૩૯૮૭ |
| ૧૭ | હસમુખભાઈ કેશવલાલ પટેલ | ૩૨૮૫ |
| ૧૮ | મહેશભાઈ મણીભાઈ પટેલ | ૩૦૯૪ |
| ૧૯ | નિમેષકુમાર મનુભાઈ પટેલ | ૨૮૫૫ |
| ૨૦ | શંકરકુમાર રમણલાલ પટેલ | ૨૮૧૬ |
| ૨૧ | કમલેશકુમાર ચુનીલાલ જોષી | ૨૭૫૪ |
| ૨૨ | રજનીકાંત નટવરલાલ પટેલ | ૨૬૯૪ |
| ૨૩ | ભરતકુમાર નટવરલાલ પટેલ | ૨૫૬૭ |

ગાંધીનગર, તા. ૧૨ ગાંધીનગર નાગરિક કો.ઓ. બેંકના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ૧૩ બેઠકો માટે આજે યોજાયેલા મતદાનને અંતે સત્તાધારી જૂથની પરિવર્તન પેનલનો ભવ્ય વિજય થયો હતો.

સાંજે ૭ વાગે શરૂ થયેલી મતગણતરીમાં પ્રથમ રાઉન્ડથી જ પરિવર્તન પેનલે પોતાનો દબદબો બનાવી દીધો હતો. તેના ૧૩ ઉમેદવારોનો વિજય થતાં જ બેંકના પટાંગણમાં પેનલ સમર્થકોએ ગુલાલ ઉડાડી અને આતશબાજી કરી વિજયને વધાવી લીધો હતો.

નાગરિક બેંકની આજે યોજાયેલી ચૂંટણીમાં ૧૦,૧૮૦ મતદારોએ મતદાન કર્યું હતું.

પરિવર્તન પેનલના શ્રી અશોકભાઈ ગોપાળદાસે સૌથી વધુ મત મેળવ્યા હતા. જેમને ૮૫૮૫ મત મળ્યા હતા. જ્યારે બીજા ક્રમે મનપાની સ્થાયી સમિતિના પૂર્વ ચેરમેન અને વર્તમાન ડિરેક્ટર શ્રી પ્રવિણ પટેલ (ક્વોલીટી)ને ૮૫૪૪ મત મળ્યા હતા. ત્રીજા ક્રમે ધારાસભ્ય અને વર્તમાન ડિરેક્ટર શ્રી અશોકભાઈ આર. પટેલને ૮૩૭૦ મત મળ્યા હતા.





કોંગ્રેસના પ્રવક્તા અને વિદ્યાર્થી અગ્રણી હિમાંશુ પટેલને ૬૯૭૨ મત મળ્યા હતા અને તેઓ વિજયી થયા હતા. કર્મચારી સંગઠ્ઠનમાં રહી ચુકેલા અને પહેલીવાર ચૂંટણી લડતા વિષ્ણુભાઈ પટેલને ૬૪૫૬ મત મળ્યા હતા. પ્રતિસ્પર્ધી પાવર પેનલમાંથી શ્રી અમૃતભાઈ પટેલ, શ્રી પંકજ શુકલ, શ્રી ભરતભાઈ પટેલે નોંધપાત્ર દેખાવ આ જંગમાં કર્યો હતો.

શ્રી અમૃતભાઈ પટેલને ૪૫૩૨ મત, શ્રી પંકજ શુક્લને ૪૦૬૯ મત અને શ્રી ભરતભાઈ પટેલને ૩૯૮૭ મત મળ્યા હતા.

પરિવર્તન પેનલના ઉમેદવારોને સમર્થકોએ ઉત્સાહભેર વિજયને વધાવ્યો હતો અને ભારત માતાકી જયના નારા લગાવ્યા હતા. ગુલાલ ઉડાડી અને આતશબાજી કરી ઉમેદવારોને ખભે બેસાડી નૃત્યો પણ કર્યા હતા.

### વિદેશ ગયેલા જયંતિભાઈ વિજયી

- ગાંધીનગર નાગરિક કો.ઓ. બેંકના વર્તમાન ડિરેક્ટર શ્રી જયંતિભાઈ પટેલ વિદેશ ગયા છે અને આ જંગમાં વિજયી થયા છે. શ્રી જયંતિભાઈ પટેલને ૭૯૭૧ મત મળ્યા છે.
- પરિવર્તન પેનલે પ્રથમ રાઉન્ડથી જ પ્રતિસ્પર્ધી પેનલ 'પાવર' પર સરસાઈ મેળવી હતી.
- પરિવર્તન પેનલમાં છ સરકારી કર્મચારી સંગઠ્ઠનના આગેવાનો વિજયી થયા છે. જેમાં શ્રી અશોકભાઈ જી. પટેલ, શ્રી ઘનશ્યામ પટેલ, શ્રી નરેન્દ્રભાઈ શાહ, શ્રી એલ.કે. વાઘેલા, શ્રી વિક્રમભાઈ પટેલ અને શ્રી વિષ્ણુભાઈ પટેલનો સમાવેશ થાય છે.
- મતગણતરીમાં સૌથી ઓછા મત પાવર પેનલના ભરતભાઈ પટેલને ૨૫૭૪ મત મળ્યા હતા.

### મનપાના બે કાઉન્સીલરો અને ધારાસભ્ય અશોક પટેલ વિજયી

ગાંધીનગર નાગરિક બેંકના બોર્ડ ઓફ ડિરેક્ટર્સના ચૂંટણી જંગમાં મહાનગરપાલિકાના બે કાઉન્સીલરો વિજયી બન્યા છે.

મનપાની સ્થાયી સમિતિના પૂર્વ ચેરમેન શ્રી પ્રવિણભાઈ પટેલ (ક્વોલીટી)ને ૮૫૪૪ મત મળ્યા છે. જે તેમની પેનલને મળેલા મતોમાં બીજા ક્રમે આવે છે. ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય અશોક પટેલને ૮૩૭૦ મત મળ્યા છે અને જે તેમની પેનલમાં ત્રીજા ક્રમે વિજયી થયા છે.

ભાજપ કોર્પોરેશન પક્ષના વિદાય થયેલા નેતા શ્રી મનુભાઈ પટેલને આ ચૂંટણી જંગમાં ૭૫૩૪ મત મળ્યા છે.

આ જંગમાં ઝુકાવનાર કોંગ્રેસના પ્રદેશ પ્રવક્તા શ્રી હિમાંશુ પટેલ પણ વિજયી બન્યા છે. જેમને ૬૯૭૨ મત મળ્યા છે.



મોસાળાની તૈયારી - અમદાવાદના જગન્નાથ મંદિરની રથયાત્રા સંદર્ભે ભગવાનના મોસાળ સરસપુર મંદિરમાં તડામાર તૈયારીઓ ચાલી રહી છે... મોસાળામાં ભેટ ધરવા માટે ભગવાનના નવા વાઘા અને શૃંગાર સજાવવામાં આવ્યા હતા.

# ગુજરાતમાં ખેતીલાયક જમીનમાં વધારો

## ઔદ્યોગિકીકરણની ગતિ ઝડપી છતાં ખેતીલાયક જમીન વધી છે : બે દશકમાં કુલ ૩ લાખ હેક્ટર જમીનનો ઉમેરો : તમામ રાજ્યોમાં ગુજરાત બીજા ક્રમે

અમદાવાદ,તા.૧૨ ગુજરાતમાં ઝડપી ઔદ્યોગિકીકરણના પરિણામ સ્વરુપે કૃષિની જમીન આંચકી લેવામાં આવી રહી છે તેમ માનનાર લોકોને આશ્ચર્ય થાય તેમ છે. કારણ કે, ઔદ્યોગિક પ્રવૃત્તિમાં રેકોર્ડ ગતિએ વધારો થયો હોવા છતાં ગુજરાતમાં છેલ્લા બે દશકના ગાળા દરમિયાન તેની કુલ કૃષિ જમીનમાં આશરે ત્રણ લાખ હેક્ટરનો ઉમેરો થઈ ગયો છે જે આર્થિક સુધારાઓની પ્રક્રિયા શરૂ કરવામાં આવ્યા બાદથી સૌથી વધારે પ્રમાણમાં છે. મધ્યપ્રદેશ, જમ્મુ કાશ્મીર પણ અન્ય જે રાજ્યો છે જે કૃષિ જમીનને ઉમેરવામાં સફળ રહ્યા છે. કુલ કૃષિ જમીન ઉપરાંત ગુજરાતે તેના નેટ વાવણી વિસ્તારમાં પણ વધારો કરવામાં સફળતા હાસલ કરી દીધી છે જે ભારતમાં રાજસ્થાન બાદ બીજા ક્રમાંક ઉપર છે. નેટ વાવણી વિસ્તાર ઉમેરવાના મામલામાં ગુજરાત બીજા ક્રમાંક પર છે. ગુજરાતની કુલ કૃષિ જમીન નાણાંકીય વર્ષ ૨૦૧૨-૧૩માં ૧૨.૬૬ મિલિયન હેક્ટરની આસપાસ નોંધાઈ હતી. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ મેનેજમેન્ટ (આઈઆઈએમ-એ) દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે, ૧૯૯૧-૯૨થી ૨૦૧૧-૧૨ દરમિયાન ભારતમાં આશરે ત્રણ મિલિયન હેક્ટર કૃષિ જમીનને નુકસાન થયું છે. જો કે, રસપ્રદ બાબત એ છેકે ગુજરાતે આશરે ૩ લાખ હેક્ટર કૃષિ જમીન વધારી દીધી છે. જ્યારે મધ્યપ્રદેશ અને જમ્મુ કાશ્મીરે ૫૬૦૦૦ હેક્ટર અને ૧૪૦૦૦ હેક્ટર જમીન ઉમેરી દીધી છે. છેલ્લા બે દશકના ગાળામાં કૃષિ જમીનમાં મિલિયન હેક્ટરમાં ઉમેરો આ નોંધાયો છે. ઔદ્યોગિકીકરણની ગતિ ખુબ જ ઝડપથી આગળ વધી રહી છે જેથી કૃષિ જમીનને નુકસાન થઈ રહ્યું છે તેવી ગણતરી ઉંધી સાબિત થઈ રહી છે. આંકડા પરથી આ બાબત સ્પષ્ટ થઈ જાય છે. એક અગ્રણી અંગ્રેજી અખબારમાં આ અંગેના અહેવાલ પ્રકાશિત કરવામાં આવ્યા હતા જેથી લોકોમાં ચાલી રહેલી અટકળોને વેગ મળે તેવી શક્યતા છે.

### દેશમાં ગુજરાત બીજા ક્રમે

કુલ કૃષિ જમીન ઉપરાંત ગુજરાતમાં નેટ વાવણી વિસ્તારમાં પણ વધારો થયો છે. આ મામલામાં ગુજરાત રાજસ્થાન બાદ બીજા ક્રમે છે. નેટ વાવણી વિસ્તારમાં ઉમેરો અને નેટ વાવણી વિસ્તારમાં ઘટાડાના આંકડા નીચે મુજબ છે.

#### વાવણી વિસ્તાર ઉમેરો

| રાજ્ય | ક્ષેત્ર (મિલિયન હેક્ટરમાં) |
|---|---|
| રાજસ્થાન | ૨.૦૦ |
| ગુજરાત | ૦.૯૫ |
| મધ્યપ્રદેશ | ૦.૪૧ |
| નાગાલેન્ડ | ૦.૧૭ |
| મણિપુર | ૦.૧૭ |
| આસામ | ૦.૧૦ |
| ઉત્તરપ્રદેશ | ૦.૦૭૭ |
| જમ્મુ કાશ્મીર | ૦.૦૦૯ |
| | નેટ વાવણી વિસ્તાર ઘટાડો |
| ઓરિસ્સા | ૧.૭૧ |
| બિહાર | ૧.૨૪ |
| મહારાષ્ટ્ર | ૦.૭૫ |
| તમિળનાડુ | ૦.૭૧ |
| કર્ણાટક | ૦.૩૧ |
| આંધ્રપ્રદેશ | ૨.૨૭ |
| પશ્ચિમ બંગાળ | ૦.૨૬ |

# ગુજરાતમાં બે સપ્તાહ સુધી વરસાદ નહીં પડે તેવી વકી

## ગાંધીનગરમાં મહત્તમ તાપમાન ૩૩ ડિગ્રી જ્યારે અમદાવાદમાં ૩૭.૬ ડિગ્રી : વરસાદ માટે રાહ જોવી પડશે : ગરમીનું હજુ ઉંચુ પ્રમાણ

અમદાવાદ,તા.૧૨ ગુજરાતમાં વહેલીતકે વરસાદની કોઈ શક્યતા હાલમાં દેખાઈ રહી નથી. અમદાવાદના લોકોને વરસાદ માટે હજુ પણ વધુ બે સપ્તાહ સુધી રાહ જોવી પડે તેવી શક્યતા દેખાઈ રહી છે. હવામાન વિભાગે આગાહી કરતા કહ્યું છે કે, વધુ બે સપ્તાહ સુધી વિરામનો દોર રહે તેવી શક્યતા છે. જૂન મહિનામાં અતિ ભારે વરસાદ પડી ગયા બાદથી લાંબા સમય સુધી બ્રેકની સ્થિતિ જોવા મળી રહી છે. ડિપડિપ્રેશનની સ્થિતિ ઉત્તરપૂર્વીય મધ્યપ્રદેશ અને આસપાસના વિસ્તારોમાં જોવા મળી રહી છે. આ સિસ્ટમ ઉત્તર પશ્ચિમ દિશામાં આગળ વધે તેવી શક્યતા છે. ગુજરાતમાં હાલમાં વરસાદ થઈ રહ્યો નથી. ગુજરાતમાં હળવા વરસાદી ઝાપટાની આગાહી કરવામાં આવી છે. રાજ્યમાં જૂન મહિનામાં સામાન્ય કરતા વધારે વરસાદ થયો હતો. ૧૧મી જૂન સુધી ગુજરાતને ૧૯૧.૭ મીમી વરસાદ મળવાની જરૂર હતી જેની સામે માત્ર ૧૩૬.૨ મીમી વરસાદ નોંધાયો છે. પાટણ જિલ્લામાં ૮૫ ટકા ઓછા વરસાદની સ્થિતિ રહેલી છે જ્યારે બનાસકાંઠામાં ૬૪ ટકા, ડાંગમાં ૬૩ ટકા, કચ્છમાં ૬૦ ટકા, તાપી અને નવસારીમાં ૫૫ ટકા ઓછો વરસાદ નોંધાયો છે. હવામાન વિભાગ તરફથી આગામી પાંચ દિવસ દરમિયાન વરસાદી ઝાપટાની આગાહી કરવામાં આવી છે પરંતુ વરસાદ માટે હજુ લોકોને રાહ જોવી પડે તેવી શક્યતા છે. અમદાવાદમાં આંશિક વાદળછાયુ વાતાવરણ આવતીકાલે પણ રહે તેવી શક્યતા છે. બીજી બાજુ આજે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૩૭.૬ ડિગ્રી રહ્યું હતું જ્યારે અન્ય વિસ્તારોમાં પણ તાપમાન ૩૭ની આસપાસ રહ્યું હતું. હજુ બે સપ્તાહ સુધી રાહ જોવી પડે તેવી આગાહીથી ચિંતા થાય તેમ છે.

ભેજનો 100% ઈલાજ
● ટેરેસ વોટર પ્રુફીંગ
● પાણીની ટાંકી ● ભેજ ટ્રીટમેન્ટ
પાંચ વર્ષની ગેરન્ટી
સુરક્ષા પ્લસ સર્વિસીસ એજન્સી
મો. ૯૫૫૮૧૮૯૪૨૯, ૯૭૨૩૩૬૬૮૬૦

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન-૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧

બેઠક : નિસર્ગની નિરાંત અને અદ્યતન સુવિધામાં મનોમંથન...
YOUR OWN Resort
૧૦૦ની ક્ષમતાનો કોન્ફરન્સ હોલ
નિરવતાનો રવ...



bansari
week-end home
Greens
ગ્રામભારતી પાસે, અલુવા, ગાંધીનગર-મહુડી રોડ
ફોન - (02764) 261181 / 82 | 99249 31224 | 98258 03299

સેકટર 6D, સહીયર ગરબા ગ્રાઉન્ડ પર મોજ-મસ્તીનો ખજાનો એટલે




પ્રવેશ ફી ફક્ત રૂ. ૧૦/- | રાઈડ્સ રૂ. ૨૦/-
બાળકો માટે ખાસ રાઈડ્સનો આનંદ
ટોરાટોરા, જાયન્ટ વ્હીલ, ફીશબી, બ્રેક ડાન્સ તેમજ બીજી અન્ય રાઈડ્સ